વૈદ્ય રાજલ શુક્લ

**આ**પણામાંના ઘણા બધા લોકો આઇ.સી.યુ.ની મુલાકાતે ગયા જ હશે. આઇ.સી.યુ.માં પ્રવેશદ્વાર પાસે તથા દર્દીના ખાટલા પાસે હાથ સ્વચ્છ કરવા જીવાણુ પ્રતિરોધક એન્ટિસેપ્ટિક લિક્વીડ મૂકવામાં આવે છે જેનાથી હાથ સ્વચ્છ કરવાના હોય છે. જો, અહીં સામાન્ય લોકોની આદતની વાત કરીએ તો, આગળ ચાલતી વ્યક્તિ જો હાથ સ્વચ્છ કરે તો, તેનું અનુસરણ કરીને પાછળ ચાલતી વ્યક્તિઓ તે પ્રમાણે કરે છે! નહીં તો... ભયો ભયો! સામાન્ય રીતે વાત ખૂબ જ નાની લાગે છે પરંતુ એ અસ્વચ્છ હાથ જ્યારે રોગને જન્મ આપવાનું કાર્ય કરી દે ને પછી બહુ જ મોટી સમસ્યા ઊભી થઇ શકે છે.

હોસ્પિટલમાં દાખલ થયેલાં પાંચથી પંદર દર્દીઓને, હોસ્પિટલ તથા દવાખાના દ્વારા ફેલાતું ઇન્ફેક્શન લાગે છે જ્યારે આઇ.સી.યુ.માં દાખલ થયા હોય તેવા ૯ થી ૩૭ ટકા દર્દીઓને ઇન્ફેક્શન લાગી શકે છે. આ આંકડા વિકસીત દેશોના છે. હોસ્પિટલોમાંથી યુરિનરી ટ્રેક ઇન્ફેક્શન (યુટીઆઇ-મૂત્રમાર્ગનો ચેપ), ન્યુમોનિયા (૧૧ ટકા), લોહીમાં લાગતું ઇન્ફેક્શન (બ્લડસ્ટ્રીમ ઇન્ફેક્શન-બીએસઆઇ) અને તેમાં પણ વેન્ટિલેટર સંલગ્ન ઇન્ફેક્શનમાં ન્યુમોનિયા અને બ્લડસ્ટ્રીમ ઇન્ફેક્શન મુખ્ય છે જે ધ્યાનમાં લેવા જેવી બાબતો છે.

૧૭ વર્ષની ઇતિ પંડ્યા, જેણે જીવનને માણ્યું પણ નથી અને તેણે મૃત્યુના દ્વાર ખટખટાવી લીધા. તેને ડેન્ગ્યુ ફીવર થયો હતો જે ઘણા બધાને થાય છે અને સ્વસ્થ થઇ પણ જાય છે તો પછી આ દીકરી જ કેમ જીવનલીલા સંકેલીને પરિવારને આંસુઓ આપતી ગઇ? માણવાની, મ્હાલવાની, શીખવાની, નૃત્ય-ગાન કરવાની ઉંમરમાં ક્ષણે-ક્ષણ મૃત્યુનો સામનો કરતાં-કરતાં હોસ્પિટલમાં દિવસો ગુજારવા જેવી દુઃખદ બાબત કઇ હોઇ શકે? સ્વ. ઇતિ પંડ્યાના મૃત્યુનું કારણ ડેન્ગ્યુ ફીવરમાં જે રોગપ્રતિકારક શક્તિ ઘટે તેવી પરિસ્થિતિમાં તેને બીજા તબક્કામાં લાગેલું ન્યુમોનિયાનું ઘણી જ માત્રાનું ઇન્ફેક્શન હતું.

ન્યુમોનિયા, હિપેટાઇટીસ એ (કમળો),



# હાથ ચોખ્ખા રાખો, રોગથી બચો